દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ

ગોંડલના બિલિયાળા ગામે ધોધમાર વરસાદથી જનજીવન ઠપ : સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ : રાજ્યભરના ૧૯ જિલ્લાઓના ૩૬ તાલુકાઓમાં વરસાદ

અમદાવાદ,તા. ૧૩

રાજ્યના વિવિધ ભાગોમાં આજે પણ જોરદાર વરસાદ જારી રહ્યો હતો. સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થયો હતો. રાજ્યમાં છેલ્લા ૧૨ કલાક દરમિયાન ૧૯ જિલ્લામાં ૩૬ તાલુકાઓમાં ભારે વરસાદ થયો છે. સૌરાષ્ટ્રના જે ભાગોમાં ભારે વરસાદ થયો છે તેમાં રાજકોટનો સમાવેશ થાય છે. આજે સૌરાષ્ટ્રમાં સવારથી જ વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ બપોર પછી વાંકાનેર, ગોંડલ, જસદણ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ તુટી પડ્યો હતો. ગોંડલ અને વાંકાનેરમાં બેથી લઈ ચાર ઈંચ વરસાદ પડ્યો હતો. રાજકોટ શહેરમાં ધોધમાર વરસાદ થયો હતો. ગોંડલના બિલિયાળા ગામે બારેમેઘ ખાંગા થયા હોય તેવા દૃશ્યો જોવા મળી રહ્યા છે. બિલિયાળામાં ભારે વરસાદ થયો છે અને જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. આઠ ઈંચ જેટલા વરસાદની વાત થઇ રહી છે પરંતુ આને સમર્થન મળ્યું નથી. ગોંડલ અને વાંકાનેરમાં પડેલા વરસાદથી રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણ સમા પાણી ભરાઈ ગયા હતા. જસદણ પંથકમાં આંબરડી, ભડલી, શિવરાજપુર સહિતના ગામડામાં સારા વરસાદથી નદીઓમાં ઘોડાપુર આવ્યા છે. સારા વરસાદને જગતના તાત

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૯૫ | ૧૪ જૂન, ૨૦૧૫, રવિવાર ; જેઠ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જિલ્લામાં પ્રવેશોત્સવ દરમ્યાન રૂ. ૭૩ લાખ દાન પેટે મળ્યા

ધોરણ-૧માં ૧૦,૯૬૮ અને ધોરણ-૯માં ૧૦,૧૮૮ તથા આંગણવાડીમાં ૬૫૬૪ ભુલકાંઓએ પ્રવેશ લીધો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ દરમ્યાન રૂ. ૭૩ લાખનું દાન શૈક્ષણિક સંસ્થાઓને પ્રાપ્ત થયું છે. જ્યારે જિલ્લાની ૪૯ શાળાઓને આ વર્ષથી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પ્રાપ્ત થઈ છે.

શાળા પ્રવેશોત્સવ દરમ્યાન જિલ્લામાં ૧૦,૯૬૮ બાળકોએ ધોરણ-૧માં, ૧૦,૧૮૮ બાળકોએ ધો. ૯માં તથા ૬૫૬૪ ભુલકાંઓએ આંગણવાડીમાં પ્રવેશ મેળવ્યો છે.

જિલ્લા શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ દરમ્યાન રૂ. ૧૩,૭૩,૦૩૯નું રોકડ દાન તેમજ રૂ. ૫૯,૦૬,૮૧૭નું વસ્તુ સ્વરૂપે દાન શૈક્ષણિક સંસ્થાઓને પ્રાપ્ત થયું છે.

જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને જે દાન રોકડમાં મળ્યું છે તેમાં માણસા તાલુકો સૌથી અગ્રેસર છે. જ્યાંથી રૂ. ૫,૮૬,૭૪૭નું રોકડ દાન મળેલ છે. કલોલમાંથી રૂ. ૩,૮૭,૬૭૨નું,

● અનુસંધાન પાન-૭ પર

સંઘર્ષ પછીની નિરાંત - સતત સતર્કતા સાથે અસ્તિત્વ માટે જંગ ખેલતી ખિસકોલી સમગ્ર સૃષ્ટિ માટે ઉદાહરણીય છે... ભાગદોડ અને થાક બાદ ક્યારેક નિરાંત અનુભવતી ખિસકોલીને જોવાનો પણ એક લ્હાવો હોય છે... રસ્તાની વચ્ચોવચ્ચ વાહનથી બચવા ખેતરમાં પશુઓથી બચવા અને ખોરાકની શોધમાં આમતેમ ભાગદોડ કરતી ખિસકોલી ક્યારેક થાકે છે... ક્યારેક અટવાય છે... ત્યારે નિરાંતનો શ્વાસ લઈ ઘડી-બેઘડીનો આરામ કરી લે છે...

(તસવીર સૌજન્ય : ડો. દક્ષેન ત્રિવેદી)

મુખ્યમંત્રીના કાર્યક્રમમાં યુવાન દ્વારા આત્મહત્યાનો પ્રયાસ

અમદાવાદ, તા.૧૩

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે મકાનના ડ્રો અને અક્ષયપાત્રનું વિધિવતરીતે લોકાર્પણ કરવાનો કાર્યક્રમ આજે યોજાયો હતો. લોકાર્પણ કાર્યક્રમ વેળા જ એક અજાણી વ્યક્તિએ પોતાના હાથ પર તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી દઈને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો જેથી સમગ્ર બનાવને લઈને ભારે ખળભળાટ મચી ગયો હતો. આટલા મહત્વપૂર્ણ કાર્યક્રમમાં આ બનાવ બનતા લોકોમાં પણ ભારે ચર્ચા રહી હતી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ડ્રોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અમદાવાદ ખાતે આજે વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ભૂમિ પૂજનના કાર્યક્રમ યોજાયા હતા. સમારંભ સ્થળ સુધી પહોંચવા માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. ટાગોર હોલની પાછળ પાલડી ખાતે સાબરમતી રિવરફ્રન્ટ પર આજે સાંજે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર કાર્યક્રમ હોવાથી તમામને આમંત્રણ આપવામાં આવ્યું હતું. સમારંભ સ્થળ સુધી પહોંચવા વિશેષ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પૂર્વ ઝોન, પશ્ચિમ ઝોન, નવા પશ્ચિમ ઝોન ખાતે બસની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપિલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવેલા એસઆરએફ ડીસીએલ ઈવેન્ટ ગ્રાઉન્ડના લોકાર્પણની

● અનુસંધાન પાન-૭ પર

ગરીબીથી બહાર આવવાનું એકમાત્ર શસ્ત્ર શિક્ષણ જ છે

આદિજાતિ બાળકો યોગવિદ્યામાં પ્રવિણ બનીને જાગતિક ફલક ઉપર યોગગુરુ તરીકે નામના પ્રાપ્ત કરે : આનંદીબેન

અમદાવાદ, તા.૧૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સાંપ્રત શિક્ષણ વ્યવસ્થા માત્ર સરકારી પરિપત્રો આધારિત બની રહેવા સામે નારાજગી વ્યક્ત કરતા શિક્ષણ પદ્ધતિને સુવાંગપપણે ચેતનવંતી બનાવા માટે શિક્ષણ આલમને નૂતન પ્રયોગો, વિવેક બુદ્ધિ તથા કોઠાસુઝનો સુચારુ વિનિયોગ કરવાની અનુકરણીય શીખ આપી છે.તેમણે બાળકોમાં રહેલી પ્રછન્ન શક્તિઓને ખિલવવા, વિકસાવવા માટે શિક્ષણ સાથે રમતગમત, સંગીત, ચિત્રકામ તથા કલાસંસ્કૃતિના સુભંગ સમન્વય કરી બાળકોને શિક્ષણ સંસ્કારની દીક્ષા આપવાની ગુરુજનોને હૃદયસ્પર્શી અપીલ કરી હતી. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ઉગતા સૂર્યના પ્રદેશ તરીકે ઓળખાતા

આદિજાતિ બહુલ દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના પર્વતમાળાઓ વચ્ચે ઘેરાયેલા જસુણી ગામે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ અભિયાનમાં નાના ભુલકાઓને નામાંકન કરાવ્યું હતું. મુખ્યમંત્રીએ શાળાઓના બાળકો સાથે આ અવસરે વાત્સલ્યપૂર્ણ વાર્તાલાપ કર્યો હતો. અગાઉ આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, અગાઉ પોતાના પરિવાર સ્વજનો, મિત્રો વચ્ચે મોટુ થતું બાળક જ્યારે શાળામાં પ્રવેશ મેળવે ત્યારે કંઈક અણગમતુ વાતાવરણ અનુભવતું પણ હવે શાળા પ્રવેશોત્સવ અભિયાનના પગલે આ સમગ્ર વાતાવરણ બદલાયું છે અને શાળામાં આવતા બાળક પોતાના પરિવાર, મિત્રો વચ્ચે આવ્યું હોય તેવો અહેસાસ કરે છે. ગરીબીમાંથી બહાર આવવાનું એક માત્ર શસ્ત્ર શિક્ષણ છે ત્યારે પ્રાથમિક શિક્ષણના સરકારે આરંભેલા સેવાયજ્ઞમાં વાલીઓને પણ પોતાના બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે પ્રતિબ્ધ બનવા મુખ્યમંત્રીએ આહવાન કર્યું હતું.

હાર્દિક અભિનંદન

કાર્તિકભાઈ પટેલ
ડેપ્યુટી મેયર
ગાંધીનગર મહાનગરપાલિકા

આપની ગાંધીનગર મહાનગરપાલિકામાં ડેપ્યુટી મેયર પદે થયેલ વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ...

જયેશ પટેલ
સદસ્ય
ગાંધીનગર જીલ્લા પંચાયત

લક્ઝુરીયલ ફ્લેટ વેચવાનો છે

સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨માં, પ્રાઈમ લોકેશન, 3-BHK, સ્પાઈસ એન્ડ હબ હોટલની પાછળ, કુડાસણ-ગાંધીનગર

મો. : ૯૮૨૫૬ ૯૮૦૭૬
મો. : ૯૮૨૪૬ ૨૬૦૨૨

C.N.G. પંપનો શુભારંભ
ભારત પેટ્રોલીયમનું પેટ્રોલ, ડીઝલ, અને C.N.G. ગેસનું વેચાણ ચાલુ છે
વિનય પેટ્રોલીયમ
ને.હા.-૮, પિલુદ્રા, તા.પ્રાંતિજ, જી. સાબરકાંઠા

BBA - HOTEL & TOURISM MANAGEMENT
Admission Open For JULY Batch
Dr. Babasaheb Ambedkar Open University
Dr. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
આંતરરાષ્ટ્રીય હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રે કારકીર્દી બનાવવાની સુવર્ણ તક-૧૨ પાસ વિદ્યાર્થીઓ માટે
ભારતમાં હોટલ મેનેજમેન્ટ માટે સૌથી ઓછું ફી માળખું
Cambay Institute of Hospitality Management
પ્લોટ નં. ૨૩,૨૪ અને ૨૫, સેક્ટર-૨૫, ગાંધીનગર,
૯મો માળ, કેમ્બે ગ્રાન્ડ હોટલ, એસ. જી. હાઈવે, થલતેજ, અમદાવાદ.
M : +91 97149 33353/52
info@cambayeducation.com
www.cambayeducation.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭